Extra No. 191

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, JULY 17, 2026 / ASADHA 26, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧)(ફ) અન્વયેનો.

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૨૨/૨૦૨૬ -કમાન્ડીંગ ઓફિસરશ્રી, ૩૦, ગુજરાત બટાલીયન, એન.સી.સી., ગોધરાનાઓને તેમના તા.૦૧/૦૬/૨૦૨૬ ના પત્રથી તા.૨૦/૦૭/૨૦૨૬ થી તા.૨૯/૦૭/૨૦૨૬ સુધી એન.સી.સી. લીડરશીપ એકેડમી,નાવલી તા.જી.આણંદ ખાતે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કેમ્પ યોજવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૩૦/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ સીબી-૫/ફાયરીંગ જાહેરનામું/૧૨૩૮૫/૨૬ થી જાહેરનામુ બહાર પાડવા અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે.

સબબ હું લલિતકુમાર એ.પટેલ (**GAS**), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧)(ફ) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ(રૂરલ) પો.સ્ટે.ની હદમાં આવેલ એન.સી.સી. લીડરશીપ એકેડમી નાવલી, તા.જિ.આણંદ (એક કિલોમીટર) વિસ્તારમાં તા.૨૦/૦૭/૨૦૨૬ થી તા.૨૯/૦૭/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા ફરમાવું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

આ જાહેરનામાના ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજ રોજ તા. ૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિતકુમાર એ. પટેલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 13:49:12 IST